તા. ૬/૧/૨૦૨૦ - સોમવાર - ખબર ૮૬

# જામનગરમાં મૂળ આયોજન મુજબનો ફલાયઓવર બનાવવા મુખ્યમંત્રીને રજૂઆત

## જામનગર ચેમ્બરે શહેરની ટ્રાફિક સમસ્યાને ધ્યાને રાખી કરી રજૂઆત

ખબર-જામનગર

જામનગર ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને પત્ર પાઠવી રજૂઆત કરવામાં આવેલ કે, જામનગર મહાનગરપાલિકા દ્વારા જામનગરના ઈન્દીરા સર્કલ નજીક ગુરુદ્વારા જંકશન થી અંબર જંકશન સુધી ફલાઈઓવર બનાવવા ગુજરાત સરકારને કરવામાં આવેલ દરખાસ્તને ગુજરાત સરકાર દ્વારા મંજૂર કરવામાં આવેલ છે. પરંતુ હાલ જામનગર શહેરમાં દિન-પ્રતિદિન વધતી જતી વસ્તી તથા તેના કારણે વધતી જતી વાહનોની સંખ્યાને લીધે જામનગર શહેરના દરેક વિસ્તારોમાં ટ્રાફિકની સમસ્યા ખૂબ જ વધતી જાય છે. વધુમાં જામનગરની નજીક આવેલ મોટી ઈન્ડસ્ટ્રીઝો જેવી કે, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિ., નયારા એનર્જી, જીએસએફસી તથા એરપોર્ટ વિગેરે તેમજ જામનગર શહેરની આસપાસ આવેલ જીઆઈડીસીમાં વિવિધ ઔદ્યોગિક એકમોના વિકાસથી શહેરમાં વાહનોની અવર-જવર ખૂબ જ વધી ગયેલ છે. વધુમાં આ રોડ પવિત્ર યાત્રાધામ દ્વારકા તથા ઓખાને જોડતો રાજ્ય ધોરીમાર્ગ છે. આમ જામનગરમાં ગુરુદ્વારા જંકશનથી અંબર જંકશન સુધીનો ફલાઈઓવર બનવાથી કાયમી ધોરણે ટ્રાફિક સમસ્યાનું નિરાકરણ આવશે નહીં. પરંતુ જો ભવિષ્યના વિકાસ તથા વસ્તી તેમજ હદ વધારાને ધ્યાને લેવામાં આવે અને નાગનાથ ગેઈટ (સ્મશાન) ચોકડીથી સાત રસ્તા સુધીનો ફલાઈઓવર બનાવવામાં આવે તો આગામી સમયમાં ફરીથી ટ્રાફિક સમસ્યાનો પ્રશ્ન નહીં રહે અન્યથા આગામી સમયમાં પરિસ્થિતિ પહેલા જેવી જ ઉદ્‌ભવશે અને સદર ફલાઈઓવર બિનઉપયોગી રહેશે અને પછીથી આ ફલાઈઓવરની લંબાઈ વધારી શકાશે નહીં.

આ અંગે જામનગર મહાનગરપાલિકા તથા જામનગર ચેમ્બર દ્વારા અગાઉ નાગનાથ ગેઈટ (સ્મશાન ચોકડી)થી સાત રસ્તા સુધી ફલાઈ ઓવર બનાવવા રજૂઆત કરવામાં આવેલ હતી. તેમજ ગતવર્ષ ૨૦૧૬માં તત્કાલિન રાજ્યમંત્રી વસુબેન ત્રિવેદી દ્વારા પણ સુભાષચંદ્ર બોઝની પ્રતિમાથી સાત રસ્તા સર્કલ સુધી ફોર ટ્રેક ફલાઈઓવર બ્રિજ બનાવવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી અને આ અંગેની યોજનાને રાજ્ય સરકાર દ્વારા પણ વિધિવત મંજૂરી આપવામાં આવેલ હતી અને આ યોજના અંગે ટેન્ડર પ્રક્રિયાનો આરંભ પણ કરવામાં આવેલ હતો. પરંતુ કોઈપણ કારણોસર આ ફલાઈઓવરનું કામ શરુ થઈ શકેલ નથી.

આથી ઉપરોક્ત બાબતે પુનઃ વિચારણા કરવામાં આવે અને નાગનાથગેઈટ (સ્મશાન ચોકડી)થી સાત રસ્તા સુધીના માર્ગ ઉપર જો ફલાઈઓવર બનાવવામાં આવે તો રાજકોટ તરફથી આવતા અને દ્વારકા તરફ જવા ઈચ્છતા તથા સાત રસ્તાથી રાજકોટ તરફ જતાં વાહન ચાલકોને તથા મુસાફરોને સીધેસીધો ટ્રાફિક વગરનો રસ્તો મળી રહેશે. જેથી હાલની તથા ભવિષ્યની ટ્રાફિક સમસ્યાનું નિવારણ આવશે તેવી રજૂઆત કરવામાં આવેલ છે. વધુમાં આ અંગે ચેમ્બર દ્વારા જામનગર મહાનગરપાલિકાના કમિશનર સતિશ એ. પટેલ તથા મેયર હસમુખભાઈ જેઠવાને પણ રજૂઆત કરવામાં આવેલ છે.